# ભારતના રાષ્ટ્રપતિની સત્તાઓ અને ફરજો

આ અઠવાડિયામાં જ ભારતના તેરમા રાષ્ટ્રપતિ તરીકે શ્રી પ્રણવ મુખરજી સાહેબે હોદ્દો સંભાળ્યો. ત્યારે કેટલાક શિક્ષિત યુવકો અને વડિલોને મારાથી પૂછાઇ ગયું કે, ભારતમાં રાષ્ટ્રપતિની સત્તાઓ અને ફરજો કઇ છે. ત્યારે થયેલ અનુભવ નિરાશાજનક રહ્યો. જે અનુભવ આ લેખ લખવા માટે પ્રેરણાદાયી બની રહ્યો. કારણકે, ભારતમાં રાષ્ટ્રપતિનો હોદ્દો સૌથી ઉચ્ચ હોદ્દો ગણાય છે, ભારતમાં રાષ્ટ્રપતિને પ્રથમ નાગરિક તરીકે પણ ઓળખવામાં આવે છે.

રાષ્ટ્રપતિ સંસદના બંને ગૃહો -લોકસભા અને રાજ્યસભાની બેઠક બોલાવવાની, મુલતવી રાખવાની સત્તા ધરાવે છે. તેઓ લોકસભાને બરખાસ્ત પણ કરી શકે છે,પરંતુ આ સત્તાનો ઉપયોગ વડાપ્રધાનના વડપણ હેઠળની મંત્રી પરિષદની સલાહ કે ભલામણથી જ કરી શકે છે. સામાન્ય ચૂંટણી પછી સંસદના બંને ગૃહોનું તે ઉદ્‌ઘાટન કરે છે અને દરેક વર્ષે સંસદની પ્રથમ બેઠક સમયે બંને ગૃહોને સંબોધન કરે છે, જેમાં સરકારની નવી નીતિની વાત કરે છે. સમસદે પસાર કરેલા ખરડાઓ રાષ્ટ્રપતિની સહી વગર કાયદા બની શકતા નથી. સંસદે પસાર કરેલ ખરડો રાષ્ટ્રપતિ સમક્ષ આવે અને રાષ્ટ્રપતિને લાગે કે આ ખરડામાં પુન:વિચારણાની જરૂર છે તો તે નાણાંકીય ખરડો કે બંધારણીય સુધારા સિવાયના ખરડાને સંસદમાં પરત મોકલી શકે છે. ત્યારબાદ સંસદ તે ખરડાને સુધારીને કે સુધાર્યા વગર ફરીથી રાષ્ટ્રપતિને મોકલે તો તેની પર રાષ્ટ્રપતિએ સહી કરીને કાયદાનું સ્વરૂપ આપવું જ પડે છે. રાષ્ટ્રપતિ પાસે પ્રારંભમાં જ્યારે કોઇ ખરડો આવે ત્યારે તે ઇચ્છે તો તેની પર અનુમતિ નહીં આપતા પોતાનો પોકેટ વીટો વાપરીને રોકી શકે છે. કોઇ ખરડા પર બંને ગૃહો વચ્ચે મતભેદ પડે તો રાષ્ટ્રપતિ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે. સંસદની બેઠક ચાલુ ન હોય તો તાકીદની પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ વટહુકમ બહાર પાડી શકે છે. આ વટહુકમ સંસદ ફરી મળે ત્યારે તેને વધુમાં વધુ છ અઠવાડિયામાં અનુમતિ ન આપે તો તે અમલમાં રહી શકે નહીં.

રાષ્ટ્રપતિ લોકસભામાં બહુમતિ ધરાવતા પક્ષના નેતાને વડાપ્રદાન તરીકે નીમે છે અને તેમની સલાહ મુજબ અન્ય પ્રધાનોની નિમણૂંક કરે છે.કારોબારીના તમામ કાર્યો રાષ્ટ્રપ્રમુખના નામે જ કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ ત્રણેય સંરક્ષણ દળોના વડા છે, તે અન્ય રાષ્ટ્રો સામે યુદ્ધ જાહેર કરવાની, યુદ્ધ બંધ કરવાની કે સંધિ કરવાની સત્તા ધરાવે છે. ભારતના એટર્ની જનરલ, કોમ્ટ્રોલર, ઓડિટર જનરલ, સર્વોચ્ચ અદાલતો અને હાઇકોર્ટના ન્યાયાધીશો, રાજ્યના રાજ્યપાલો, ચૂંટણીપંચ, નાણાપંચ અને જાહેરસેવા આયોગના અધ્યક્ષ તથા કેટલાક ઉચ્ચ અધિકારીઓની નિમણૂંક કરવાની સત્તા રાષ્ટ્રપતિ પાસે છે.વિદેશોમાં ભારતના રાજદૂતોની નિમણૂંક તેઓ કરે છે, તેમજ વિદેશી રાજદૂતોને સ્વીકારે છે.

દેશની કોઇપણ અદાલતે ગુનેગારને ફરમાવેલી સજા માફ કરવાની, ફોજદારી સજાઓનો અમલ મોકૂફ રાખવાની, બાકીની સજા માફ કરવાની તેમજ સજાનું સ્વરૂપ બદલવાની સત્તા રાષ્ટ્રપતિ ધરાવે છે. તેઓશ્રી લશ્કરી અદાલતે ફરમાવેલી સજા કે બંધારણના ભંગ માટે થયેલી સજામાં ફેરફાર કરી શકતા નથી.

અંદાજપત્ર કે કોઇ નાણાંકીય ખરડો તેમની પૂર્વસંમતિથી જ લોકસભામાં દાખલ થઇ શકે છે. નાણાં અંગેનું કોઇપણ બીલ તેમની અનુમતિ વગર સમસદના ગૃહમાં રજૂ તતું નથી. રાજ્યોમાં નાણાંની વહેંચણી યોગ્ય રીતે

થાય તે માટે તેઓ દર પાંચ વર્ષ માટે નાણાં આયોગની નિમણૂંક કરે છે. આકસ્મિક ફંડમાંથી કોઇ ફંડનો ઉપયોગ કરવો હોય તો તેઓ સંસદની મંજૂરી વિના પણ નાણાં આપી શકે છે.

દેશમામ આકસ્મિક ચોક્કસ પરિસ્થિતિ વખતે રાષ્ટ્રપતિ કટોકટી જાહેર કરી શકે છે. તે સમયે બંધારણના સમવાયતંત્રની જોગવાઇઓ બિનઅસરકારક બને છે અને એકતંત્રી શાસન અમલમાં આવે છે. આવી કટોકટી ત્રણ પ્રકારની હોઇ શકે. બાહ્ય કે આંતરિક અશાંતિ, બંધારણીય કટોકટી અને નાણાંકીય કટોકટી. રાષ્ટ્રપતિને એમ લાગે કે કોઇ રાજ્યમાં બંધારણના નિયમો પ્રમાણે વહીવટ ચાલી શકે તેમ નથી, ત્યારે તે જે તે રાજ્યમામ રાષ્ટ્રપતિ શાસન દાખલ કરે છે. જેમાં પોતાના પ્રતિનિધિ તરીકે રાજ્યપાલને રાજ્યનો વહીવટ સોંપે છે. આવું રાષ્ટપતિ શાસન વધુમાં વધુ ત્રણ વર્ષ ચાલી શકે. કટોકટી લાગુ કર્યાબાદ તેને બે માસમાં સમસદ સમક્ષ રજૂ કરવી પડે છે. સમસદ મંજૂરી ન આપે તો કટોકટીનો આપોઆપ અંત આવે છે. જો સંસસદ કટોકટીની મંજૂરી આપે તો છ માસ સુધી અને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી તેની મુદત લંબાવી શકાય છે. સમગ્ર દેશમાં આવી કટોકટી અત્યાર સુધી ત્રણવાર લાગુ કરવામાં આવેલ છે, ૧૯૬૨માં ચીન સાથે યુદ્ધ, ૧૯૭૧માં પાકિસ્તાન સાથે યુદ્ધ અને ૧૯૭૫થી ૧૯૭૭ના ગાળામાં શ્રીમતી ઇન્દિરા ગાંધીના શાસન વખતે આંતરિક ખલેલના કારણે. રાષ્ટ્રપતિ હોદ્દા પર હોય ત્યારે તેમની સામે કોઇ ફોજદારી કાર્યવાહી કરી શકાતી નથી. ઉપરાંત તેઓ પોતાની ફરજ અંગેના કોઇપણ પ્રશ્નનો જવાબ કે માહિતી આપવા બંધાયેલા નથી.

રાષ્ટ્રપતિના હોદ્દાની મુદત પાંચ વર્ષ હોય છે. તે પહેલાં તેઓ ઇચ્છે તો રાજીનામું આપી શકે છે. આમછતાં રાષ્ટ્રપતિને બંધારણ ભંગ કરવાના આરોપસર હોદ્દા પરથી દૂર કરવાની જોગવાઇ બંધારણમાં છે. જેને "મહાઅભિયોગ (ઇમ્પિચમેન્ટ)ની કાર્યવાહી કહે છે. સમસદનું એક ગૃહ રાષ્ટ્રપતિ સામે તહોમતનામું ફરમાવે અને બીજું ગૃહ તેમની સામે કામ ચલાવે છે. જો બે તૃતીયાંશ જેટલા સભ્યોની બહુમતિ રાષ્ટ્રપતિને દોષિત ઠરાવે તો તેમને ફરજિયાત હોદ્દાનો ત્યાગ કરવો પડે છે.

અંતે ભારતમાં તેરમા રાષ્ટ્રપતિ તરીકે શ્રી પ્રણવ મુખરજીની વરણી તારીખ ૨૫ જુલાઇ ૨૦૧૨ના રોજ થઇ છે ત્યારે અગાઉના રાષ્ટ્રપતિના નામ અને તેમનો સમયગાળો જોઇએ. શ્રી રાજેન્દ્ર પ્રસાદ (૨૬ જાન્યુ.૧૯૫૦ થી ૧૩ મે ૧૯૬૨),શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન (૧૩ મે ૧૯૬૨થી ૧૩ મે ૧૯૬૭),શ્રી ઝાકીર હુસેન (૧૩ મે ૧૯૬૭ થી ૩ મે ૧૯૬૯),શ્રી વી.વી.ગીરી (૨૪ ઓગસ્ટ ૧૯૬૯થી ૨૪ ઓગસ્ટ ૧૯૭૪) શ્રી ફકરુદ્દીન અલી અહમદ (૨૪ ઓગસ્ટ ૧૯૭૪થી૧૧ ફેબ્રુઆરી ૧૯૭૭), શ્રી નીલમ સંજીવ રેડ્ડી (૨૫ જુલાઇ ૧૯૭૭ થી ૨૫ જુલાઇ ૧૯૮૨), શ્રી જ્ઞાની ઝૈલસિંહ (૨૫ જુલાઇ ૧૯૮૨ થી ૨૫ જુલાઇ ૧૯૮૭), શ્રી રામાસ્વામી વેંકટરામન (૨૫ જુલાઇ ૧૯૮૭ થી૨૫ જુલાઇ ૧૯૯૨), શ્રી શંકર દયાલ શર્મા (૨૫ જુલાઇ ૧૯૯૨ થી૨૫ જુલાઇ ૧૯૯૭),શ્રી કે. નારાયણ (૨૫ જુલાઇ ૧૯૯૭ થી૨૫ જુલાઇ ૨૦૦૨) શ્રી એ.પી.જે.કલામ (૨૫ જુલાઇ ૨૦૦૨ થી ૨૫ જુલાઇ ૨૦૦૭),શ્રી પ્રતિભા પાટીલ(૨૫ જુલાઇ ૨૦૦૭ થી ૨૫ જુલાઇ ૨૦૧૨).